R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA


Since 1925...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 05 • PAGES : 20 • MUMBAI • DATE : 5TH JANUARY 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




6D 0301 | 0045 | SIL 3 IEC 61508 | ATEX 94/9/EC

## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

તંત્રી સ્થાનેથી

# કચ્છના જૈન દેરાસરોની ભક્તિ યાત્રાની સાંકળ



કાર્ય. તંત્રી : એડ. ઉદયન શાહ : ૯૮૨૧૦ ૦૪૨૬૯ (સાંજે ૫ થી ૯)

*હમણાં ભારત સરકારે મહત્ત્વના હિંદુ યાત્રા સ્થળો જેવા કે ચાર ધામ, અયોધ્યા, કાશી વિશ્વનાથ મંદિર વગેરેની કાયા પલટ કરી નાખી છે. તા. ૨૨.૧.૨૦૨૪ના અયોધ્યામાં રામમંદિરની થનારી પ્રાણ પ્રતિષ્ઠાના દિવસે આખું વિશ્વ ભક્તિમય થઇ જશે. દિવ્યતા પૃથ્વી ઉપર આકાર લેશે અને ધર્મનું પુનરુત્થાન થશે. આ ઘટનાનો જોટો ઈતિહાસમાં નહીં મળે. આ પ્રાણ પ્રતિષ્ઠાની દિવ્યતા બધા જ ધર્મોને આવરી લેશે અને જૈન ધર્મ જે એકદમ જાગરૂક છે તે એક નવા સ્તરે જશે એમાં શંકા નથી. પણ આ બધાને કદઓ અને જૈન ધર્મને શું લાગે વળગે? હવે ખ્યાલ કરો લગભગ ૧૫ દિવસ સુધી ચાલનાર આ પ્રાણ પ્રતિષ્ઠા સાથેના કાર્યક્રમોમાં ભાગ લેવા લાખો લોકો અયોધ્યા આવશે અને લગભગ રૂા. પચાસ હજાર કરોડનો વેપાર થશે અને રોજગારીની તકો વધશે.*

*હમણાં છેલ્લા કેટલાક વર્ષોથી કચ્છમાં ઘણાં દેરાસરોનો જીર્ણોદ્ધાર થયો છે અને સાથેસાથે ધર્મશાળા અને ભોજનશાળાઓની કાયા પલટ થઇ છે. એક ઉદ્યોગ સમુહે જૈન તીર્થસ્થળોને આવરી લેતી એક ટ્રેન હમણાં રવાના કરી છે. હવે કચ્છમાં પુરા દેશમાંથી પર્યટકો આવતા થયા છે. અને થોડા વખતમાં આ પર્યટકો આપણા જૈન દેરાસરોમાં આવતા થશે જ, એનું કારણ છે કે નવું શોધવું એ માનવ સ્વભાવ છે. તો કચ્છમાં જૈન દેરાસરોને આવરી લેતી યાત્રાની 'સર્કિટ' એટલે કે સાંકળને સંભાળવાની આપણી જ્ઞાતિની, જૈનોની, આપણા મ.સા.ની અને સાધુસંતોની તૈયારી છે?*

*મ.સા. એ જાણે અજાણ્યે અબડાસા તાલુકામાં મોટી અને નાની પંચતીર્થી તો વર્ષો પહેલાં બનાવી દીધી હતી. શું જૈન દેરાસરોને જૈનેતર પર્યટકો આવકાર્ય છે? જ્યારે પર્યટકો મોટી સંખ્યા આવતા થશે ત્યારે એની સામે ધાર્મિક અને સામાજિક રીતિ રિવાજો અડીખમ રાખવાની આપણી પાસે તાકાત છે?*

*(ક્રમશઃ)*

---

## વાયબ્રન્ટ કચ્છ હેઠળ રૂા. ૩૩૭૦ કરોડનું રોકાણ

જાન્યુઆરીમાં યોજાનારા વાયબ્રન્ટ ગુજરાત હેઠળ રાજ્યના ૩૩ જિલ્લામાં યોજાયેલા વાયબ્રન્ટ જિલ્લો કાર્યક્રમના ભાગરૂપે એકંદરે ૩૩૭૦ કરોડ રૂપિયાના ૧૩૯ પ્રોજેક્ટમાં રોકાણના વચન મળ્યા છે.

અહીં યાદ રાખવું ઘટે કે વર્ષ ૨૦૦૧ના ભૂકંપ પહેલા કચ્છમાં માત્ર રૂા. ૨૫૦૦ કરોડનું રોકાણ હતું. આની સામે હાલ રૂા. ૧.૪૦ લાખ કરોડના પ્રોજેક્ટ કાર્યરત છે. જેમાં ૩.૫ લાખથી વધુ રોજગાર નિર્મિત થયા છે.

કચ્છમાં કેટલાક ઉદ્યોગો વિશ્વના સૌથી મોટા એકમોમાં ગણના પામે છે. જેમાં અલ્ટ્રાટેક સિમેન્ટ, સાંઘી સિમેન્ટ ઉરાંત સબમર્જડ આર્કવેલ્ડ પાઈપ ઉત્પાદનનું કચ્છ વિશ્વમાં સૌથી મોટું હબ છે. અહીં આ ક્ષેત્રના વેલસ્પન કૉર્પ, જિન્દાલ, રત્નમણિમેટલનો સમાવેશ થાય છે. વેલસ્પન ટેક્સટાઈલ પ્લાંટ વિશ્વમાં બીજા ક્રમાંકે સૌથી મોટો પ્લાંટ પણ કચ્છમાં છે. વિશાળ ટ્રેક્ટર અને કૃષિને લગતા તથા ઔદ્યોગિક ટાયર ઉત્પાદક બીકેટી પ્લાંટ પણ કચ્છમાં છે.

કંડલા અને મુંદરા બંદર ભારતની દરિયાપારીય નિકાસમાં ૩૦ ટકાનો ફાળો આપે છે. દેશના કુલ મીઠા ઉત્પાદનમાં કચ્છ ૩૦ ટકા ફાળો આપે છે. કચ્છની ઓળખાયેલી ૨૦ જેટલી કળાઓમાં શાલ અને ભરતકામની જી.આઈ ટેગ પ્રાપ્ત છે. વધુમાં બ્રોમીન ઉત્પાદક એકમો વર્ષે ૩૭૦૦૦ ટન જેટલું ઉત્પાદન કરે છે. અદાણી વિલ્મર, કારગીલ બંજ જેવા ખાદ્ય તેલ એકમ, ટીએમટી સરિયા, સ્પન્ઝ આયર્ન ઉત્પાદન થાય છે.

**– કેસરસિંહ ખોના**

**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

**''સમીક્ષા''**

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

**''પ્રકાશ સમીક્ષા''**

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

ડૉ. હીરાચંદ દામજી દંડ

**: તંત્રી મંડળ :**

કેશરસિંહ આણંદજી ખોના     ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ

માનદ્‌મંત્રી : તેજસ બંકીમચંદ્ર લાલકા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા     કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના     પંકજ પ્રતાપ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા     શૈલેશ સનત્ શાહ

ઉદયન લાલજી લોડાયા     કિરીટ ખેતસી શાહ

જયંત વિશનજી છેડા

**કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી**

**વૉલ્યુમ : ૦૪, અંક : ૦૫, તા. ૦૫-૦૧-૨૦૨૪**

**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**

**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## મૈશેરી નુખના શ્રી આશાપુરા મા ને નમતા ભાવિકોને સાદર આમંત્રણ

જખૌ સ્થાનકે શ્રી આશાપુરા માતાજી તથા શ્રી ભલારાદાદાના ભુવાશ્રીની ગંધી બદલવાનું આયોજન તથા છટ્ઠી પહેડી પ્રસાદ પ્રસંગે આપ સહુને પધારવાનું સપ્રેમ આમંત્રણ.

કચ્છ જખૌ નીમ ફરિયામાં બિરાજમાન શ્રી આશાપુરા માતાજીને નમતા મૈશેરી કુટુંબના ભાવિકોને જણાવવાનું કે વૈશાખ સુદ દશમ તા. ૧૮.૫.૨૪ને શનિવાર તથા વૈશાખ સુદ અગિયારસ તા. ૧૯.૫.૨૪ને રવિવાર આમ બે દિવસના કાર્યક્રમનું આયોજન કરેલ છે. સર્વે ભાવિકો તથા નિયાણી બહેનોને સહ કુટુંબ જખૌ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. બધા જ ભાવિકોને તા.૧૭.૫.૨૪ને શુક્રવારે સાંજ સુધી જખૌ આવી જવા નમ્ર વિનંતી

**કાર્યક્રમની વિગત :** ૧) વૈશાખ સુદ દશમ શનિવાર તા. ૧૮.૫.૨૪ના શુભ મુરતે શ્રી આશાપુરા માતાજી તથા શ્રી ભલારા દાદાની ગંધિ બદલવાનો કાર્યક્રમ.


(૨) વૈશાખ સુદ અગિયારસ રવિવાર તા. ૧૯.૫.૨૪ના સવારે ૯ કલાકે છટ્ઠી પહેડી માતુશ્રી નેણબાઈ ઉમરશી મૈશેરી તરફથી.

**સંપર્ક : રમેશ વેલજી મૈશેરી – 98255 49939**

**મહેન્દ્ર ઉમરશી મૈશેરી – 99671 50987**

**લી. ભોઈમાં રાજુલા રમેશ મૈશેરી-જખૌ**





# કચ્છ દર્શન





લેખક : સોમ ધરમશીં
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

(ભાગ : ૧૨)



ભુજપુર મધ્યે અચગચ્છ અધિષ્ઠાયીકા મહાકાળી મા મંદિર

## ગતાંકથી ચાલુ

ગતાંકમાં ૭ દિવસનું કચ્છ પ્રવાસનું આયોજન આપ્યું છે. પણ કચ્છમાં છેલ્લા ૧૫ થી ૧૮ વર્ષમાં બાઈક ઉપર મેં મારા પત્ની સાથે ઘણા સ્થળોની મુલાકાત લીધી છે, તે સ્થળો મારા જેવા રખડુઓ રખડપટ્ટીમાં આવરી શકે કારણ કે એ સ્થળો પર પહોંચવું સુગમતા ભરેલ નથી. ફક્ત જાણકારી માટે કેટલાક સ્થળોના નામ મુકું છું.

છારી ઢંઢ :- અહિં સપ્ટેમ્બર-ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધી રા-લાખાનાં પ્રિય પંખીઓ (ફ્લેમીંગો) આવી વસવાટ કરી પ્રજનન કરી બચ્ચાં ઉછેરી પાછા સાઈબેરિયા તરફ પ્રસ્થાન કરે છે. હવે તો કચ્છના રણ પાસેથી (ધોરડોથી છારી ઢંઢ જવાય છે, પણ યોગ્ય ગાઈડ સાથે ના હોય તો રસ્તો રણમાં ભુલી જવાય.)

અસાર માતા (બીચ)નો દરિયો કિનારો :- કચ્છમાં દરિયામાં ન્હાવા પડવા આ કિનારો ઉત્તમ છે, અહીં લોકો ખાસ આવતા નથી પણ અસાર માતાની પોતાની એક દંત કથા છે.

પિંગળેશ્વરનો દરિયો :- રાપર પાસે આ દરિયા કિનારો છે પણ દરિયો ઉંડો છે તેથી સંભાળીને તરવા પડવું. પિંગળેશ્વર મંદરિ જોવા લાયક છે.

ફોસીલ પાર્ક :- કચ્છ પ્રદેશ બે વખત દરિયામાં ડુબી બહાર આવ્યો છે. તેથી કચ્છમાં અસ્મિઓ (Fosil) મળી આવે છે. ભારતીય સેનામાં સર્વિસ કરી નિવૃત્ત થયેલ મોહનસિંહ સોઢાએ એકલા હાથે આવા ફોસીલ ભેગા કરી તેનું નખત્રાણાથી દેવીસર થઈ થાન ડુંગર તરફ જવાના રસ્તે રીસોર્ટ સાથે ફોસિવ પાર્ક બનાવ્યો છે. કચ્છ પર સંશોધનકારોએ આ પાર્કની મુલાકાત લેવા જેવી છે.

આવા તો ગણ્યા, ગણાય નહીં ને છાબડીમાં માય નહીં એવા ઘણા સ્થળો કચ્છમાં આવેલા છે. પણ ચાલો હવે આપણી બસને પાટે ચડાવીએ અને ભુજપુર-બિદડાની મુલાકાત લઈએ.

અહિંસાધામનાં ભોજનાલયમાં પ્રસાદી ગ્રહણ કરી બગીચામાં ઘડીભર આરામ કરી બધા બસમાં ગોઠવાયા, અરજણભાઈએ સ્ટીરીંગ સંભાળી બસની મ્યુઝીક સિસ્ટમને ચાલુ કરી અને તેમાંથી કચ્છી ગીતોની સરવાણી વહી નીકળી..


**''ગજિયો મુંઝો જોર ઝલાણૂં...''**
**''ગોલાડ઼ો મેઢ઼ો મુંઝો ગોલાડ઼ો મેઢ઼ો**
**આઉં રે હલઇંસ ભેંણ સેર રે અંજાર...''**

કેટલાક યાત્રિકો ગીતોની લય અને ધુન સાંભળી નિંદ્રાદેવીને આધીન થઈ ગયા અને ''નસકોરાં''ના સંગીત સાથે સાથ આપવા માંડ્યા, તો કેટલાક ગપાટે ચડી ગયા.

આ કચ્છી ગીતો ગીતા, ધરોડ, અમીનાબાઈ મીર નાં કંઠે સાંભળી મને સ્વ. ડૉ. ઝોહરાબેન ઢોલિયા યાદ આવી ગયા, જેઓ ખુદાની રહેમતે થોડા દિવસ પહેલાં જ પ્રસ્થાન કર્યુ હતું. ડૉ. ઝોહરાબેને કચ્છી લોકગીતો પર પી.એચ.ડી. કર્યું હતું. એમના પિતાશ્રીનો એમણે જ્યારે શાળામાં શિક્ષિકા તરીકે નોકરી લીધી ત્યારે જ ઈન્તેકાલ થઈ ગયો હતો અને કુટુંબમાં મોટા હોવાથી શાદીનો વિચાર છોડી દિધો, અપરિણીત રહ્યા.

લોકગીત એટલે શું ? લોકોએ રચેલું, લોકો માટેનું લોકોથી ગવાયેલું અને બધા માણે ને લોકોનાં મોઢે ચડી જાય તે સાચું લોકગીત. એવી માન્યતા સ્વ. ડૉ. ઝોહરાબેન ઢોલિયાની હતી.

બસ હવે ભુજપુર ગામનાં પ્રવેશદ્વાર પર આવી પહોંચી હતી. વધુ આવતાં અંકમાં.



જય શ્રી સચ્ચા માતાય નમઃ

## શ્રી સચ્ચામા દંડ પરિવાર સેવક ભરૂડિયા ૧૭ મી સમૂહ પહેડી તથા સ્નેહમિલન પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ

આપણા કુળદેવી શ્રી સચ્ચામાતાના સાદને ઉરના ઉમંગથી વધાવવા.. સમસ્ત હાલારના દંડ પરિવારના ભાવિકો તથા નિયાણી બહેન, દિકરીઓને સહપરિવાર પધારવા શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર તરફથી નેહ નીતરતું નિમંત્રણ છે.

**: શુભ દિવસ :**
**રવિવાર તા. ૨૫.૦૨.૨૦૨૪**
**સમય : સવારે ૮:૩૦ થી સાંજે ૮:૩૦ સુધી**

**: શુભ સ્થળ :**
**જૈનમ ક્લાસિક એસી હોલ ( ગ્રાઉન્ડ ફ્લોર), એસ. બી. આઈ બેંક ની બાજુમાં,**
**બી. ટી. એમ. કમ્પાઉન્ડ, એલ. બી. એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૮.**

**: સંપૂર્ણ પહેડી તથા સ્નેહમિલન નો મોંઘેરો લાભ લેનાર પરિવાર :**
**માતુશ્રી જયાબેન ચંદુલાલ દંડ (ધ્રાફા - ડોંબિવલી), અ. સૌ. મનિષા જયુતન દંડ**
**હસ્તે સ્નેહા જયુતન દંડ તથા સાક્ષી જયુતન દંડ**

કુળદેવી શ્રી સચ્ચામાની વરસી રહેલી અસીમ કૃપા તેમજ કુટુંબીજનો તથા નિયાણી બહેન દિકરીઓના સાથ સહકારથી ૧૭ મી સમૂહ પહેડી તથા ''સ્નેહમિલનનું'' મંગલકારી ભવ્યાતિભવ્ય પ્રસંગ આપણે શ્રી સચ્ચામા દંડ પરિવાર તથા લાભાર્થી પરિવાર સાથે ભક્તિ ભાવ અને આનંદ ઉલ્લાસથી ઉજવીશુ. આ પ્રસંગે કોઈપણ ભાવિકોને વ્યક્તિગત કે સમુહમાં સાંસ્કૃતિક કાર્યક્રમ કરવો હોય તો તેમણે તા.૦૧.૦૨.૨૦૨૪ પહેલા સંપૂર્ણ વિગત સાથે કાર્યકરોને જાણ કરવા વિનંતી.

**કારોબારી સભ્યઃ-**પંકજ પ્રવીણ દંડ (પ્રમુખ)-9004841222, અલ્પેશ ગિરીશ દંડ (ઉપપ્રમુખ)-9820057598, ચેતન પ્રવીણ દંડ (માનદમંત્રી)-9821350952, મયુર વિનોદ દંડ (સહ માનંદમંત્રી)-9619666111, ચંદ્રેશ જ્યંતિલાલ દંડ (સહ માનંદમંત્રી)-8369161787, વિકાસ ધનકુમાર દંડ (ખજાનચી)-9167235061, દર્પણ નેમચંદ દંડ (સહ ખજાનચી)-9321057598, મયુર સુરેશ દંડ (સહ ખજાનચી)-9819663555.


નોંધ : ૧. શ્રી સચ્ચામા દંડ પરિવાર વાર્ષિક સામાન્ય સભા તા. ૨૫.૦૨.૨૦૨૪ ના રાખવામાં આવેલ છે. (૨) જે ભાવિકો તથા નિયાણી બહેન, દિકરીઓના સરનામાં તથા ફોન નંબર બદલાયા હોય તેમણે કાર્યકરો ને જાણ કરવા વિનંતી છે. (૩) આ જાહેર ખબરને આમંત્રણ પત્રિકા સમજી દંડ પરિવાર અને નિયાણી બહેન દિકરીઓને સહ પરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**એજ લિ. શ્રી સચ્ચામા દંડ પરિવારના જય માતાજી**

॥ શ્રી આદિનાથાય નમઃ ॥

## ૧૪૨મી ધજા મહોત્સવ
## શ્રી રેલડીયા-મંજલ નગરે
## શ્રી આદેશ્વરજીનાં જિનાલયે

**તા. ૧૭/૧૮-૦૫-૨૦૨૪, શુક્રવાર અને શનિવારના**



**આપ સહુ ક.દ.ઓ / ક.વી.ઓ. મહાજનના સભ્યોને તેમજ નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા આમંત્રણ આપીએ છીએ.**
**આપ આપની મંજલ પધારવાની વ્યવસ્થા કરી નીચે જણાવેલ કોઈપણ નંબર પર સંપર્ક કરી જણાવશો, જેથી આપની સુચારુ વ્યવસ્થા કરી શકાય.**
**ઉપરોક્ત કાર્યક્રમને રૂપરેખા આપવા તેમજ વિવિધ આદેશો આપવા દેવપૂંજ હોલ, મુલુંડ (પશ્ચિમ) મધ્યે ૨૮ જાન્યુઆરી, ૨૦૨૪ના બપોરના ૩.૩૦ વાગે મિટીંગ રાખવાની વ્યવસ્થા થઈ છે...**

**સંપર્ક નંબર :**
**(૧) શ્રી હુકમચંદ ધરમશી : મો. ૯૭૦૨૦ ૩૬૩૩૦**
**(૨) શ્રી તુષારભાઈ દંડ : મો. : ૮૧૦૮૯ ૦૦૫૦૦**



**લી. ટ્રસ્ટી બોર્ડ વતી,**

**૧૮ અભિષેકના કુપન ઉપરોક્ત મિટીંગમાં મળી શકશે.**

**તા.ક. : શ્રી મંજલ રે. ના અતિથીગૃહના બુકીંગ માટે**
**સંપર્ક : શ્રી રમેશ ગોસર : મો. ૭૦૨૧૮ ૧૪૦૫૨**


❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

## Old is Gold But Gold is never Old

પણ એ old આઈટમ ને ક્યાં વેંચવી અને એની સાચી Value જાણવા માટે આપણા વડીલોની જુની અને જાણીતી દુકાન એટલે મહાવીર સારીઝ (સાંતાક્રુઝ-વે), ગ્રાહકને ફાયદો વધારે એવી એક માત્ર દુકાન. તમારા દિલ અને દિમાગમાં નામ અને સરનામુ Feet કરી દો. કબાટ ખોલો અને ઉપયોગમાં ન આવે તેવી ફક્ત

- સાચી જરીની સાડી, ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા-ચોળી
- સાચી જરીના ચંદરવા-પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- અમારી દુકાને વેચવા લઈ આવો ને રોકડા રૂપિયા લઈ જાઓ.
- ઘર બેઠા તમારી જુની સાચી જરીની Item વેંચો, ફક્ત એક ફોન કરો, અમે તમારી સેવામાં હાજર.
- રોકડા રૂપિયા-સંતોષકારક વળતર One Shot Final

**મહાવીર સારીઝ,** મોદી ચાલ, શોપ નં.૨,
સીઝન્સ શો રૂમની સામે, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ).
❖ **M. : 91 3714 6272 / 96195 54801 (SUNDAY CLOSED)**

MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖ MAHAVIR-SANTACRUZ ❖

## શબ્દ કોયડો

# ધર્મસંદેશ - તા. ૫-૧-૨૦૨૪

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર)
મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨



| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | | ૪ | | ■ | ■ | ૫ | ૬ |
| ૭ | | ■ | | ■ | | ■ | ૮ | ■ | ■ | |
| | ■ | ૯ | ■ | ૧૦ | | ■ | ૧૧ | ૧૨ | ■ | ■ |
| ■ | ■ | | ■ | ■ | ■ | ૧૩ | ■ | | ■ | ૧૪ |
| ૧૫ | | | ૧૬ | ૧૭ | ■ | ૧૮ | | | | ■ |
| | ■ | ■ | ૧૯ | | ■ | | ■ | ૨૦ | | |
| | ■ | ૨૧ | ■ | ■ | ૨૨ | ■ | ૨૩ | ■ | ■ | ■ |
| ■ | ૨૪ | | | ■ | ■ | ૨૫ | ■ | ૨૬ | ■ | ૨૭ |
| ■ | ■ | | ■ | ૨૮ | | | | | | |
| ૨૯ | | | | | ■ | | ■ | ૩૦ | | |
| | ■ | ■ | ■ | ૩૧ | | ■ | | | ■ | ■ |

**આડી ચાવીઓ :**

૧) મહાવીર સ્વામીના જીવનકાળ દરમ્યાન કેટલા અચ્છેરા થયા હતા (૨)
૩) આ તીર્થના હમણાં સુધી સોળ ઉધ્ધારક થયા છે (૪)
૫) સંયમનું ઉપકરણ (૨)
૭) .... દાનનો મહિમા હમણાં ખૂબજ વધી ગયો છે (૨)
૧૦) રાજસ્થાનનું મનમોહન પાર્શ્વનાથનું તીર્થ (૨)
૧૧) ઉત્તર ગુજરાતમાં આવેલ અજીતનાથનું તીર્થ (૨)
૧૪) આરા કેટલા? (૧)
૧૫) શત્રુંજય ઉપર હાલનું આદીનાથનું જીનાલય બનાવનાર (૫)
૧૮) આ સ્ફટીકની પણ હોય (૩)
૧૯) માનવ સિવાયના હાલતા ચાલતા જીવો (૨)
૨૦) શત્રુંજય ઉપર .... યાત્રા કરવાનો મહિમા છે (૩)
૨૨) સુમતીનાથના ગણધર કેટલા? (૧)
૨૩) મલ્લીનાથ એ .... તીર્થંકર છે (૧)
૨૪) એક ગતિ (૩)
૨૮) છ પ્રકારના જીવો (૩)
૨૯) ગિરનાર તીર્થના પગથિયા બનાવનાર (૫)
૩૦) એક પૂજન (૩)
૩૧) મૃગાવતી એ એક ..... હતી (૨)
૩૨) ચડતા .... ને ઉત્સર્પિણી કહેવાય (૨)

**ઊભી ચાવીઓ :**

૧) એક જ્ઞાનની તિથી (૩)
૨) દિગંબરની પ્રતિમાને .... ન હોય (૨)
૩) આ ગ્રહને શાંત કરવા બધા મુનિસુવ્રતના દર્શન કરે (૨)
૪) મહાવીર સ્વામીના સંસારીક જમાઈ હતા (૩)
૬) સંભવનાથનું લાંછન (૨)
૮) ભવોભર તુમ ચરણોની .... હું તો માંગુ છું દેવાધિદેવા (૨)
૯) રાજગૃહીમાં પાંચ .... છે (૩)
૧૨) મહાવીર સ્વામીનું સંસારીક નામ (૪)
૧૩) ઉજ્જૈનના રાજા જેમણે સવા કરોડ જીનપ્રતિમા ભરાવી (૩)
૧૫) પ્રભુ રાખજે ઉઘાડા દ્વાર તારા .... ને કાજે
૧૬) નવકાર એ જૈનોનું મહા ..... છે (૨)
૧૭) અકર્મભૂમિ કેટલી? (૨)
૨૧) ચોરવાડી પાર્શ્વનાથ આવેલ છે તે તીર્થનું નામ (૪)
૨૫) શત્રુંજય ઉપર આવેલ એક પવિત્ર વૃક્ષ (૩)
૨૬) સિદ્ધચક્ર પૂજનમાં સૌ પ્રથમ ..... નુ પૂજન કરાય (૪)
૨૭) મલ્લીનાથનું જન્મસ્થળ (૩)
૨૮) ગૌતમસ્વામીએ મહાવીર સ્વામીને પૂછેલ .... હજાર સવાલો (૩)
૨૯) આદ્રા નક્ષત્ર બેસતા આનો ત્યાગ કરાય (૨)

**ધર્મસંદેશ - ૨૦.૧૨.૨૦૨૩ના જવાબો : આડી ચાવીઓ :** (૧) સતેન્દ્ર (૨) ચંપાપુરી (૫) લોક (૮) તન (૧૦) પુના (૧૧) કૂલકર (૧૩) બે (૧૪) વહી (૧૫) ચંપા (૨૦) એક (૨૨) યક્ષ (૨૩) પાલક (૨૪) ચાણસ્મા (૨૫) પાબળ (૨૬) પોરસી (૨૭) જલ (૨૮) યક્ષ (૨૯) હાથી (૩૦) જખૌ (૩૧) અવંતિ. **ઊભી ચાવીઓ :** (૧) સહસ્ત્રકૂટ (૩) પાવાપુરી (૪) રીત (૬) કલ્યાણક (૭) કપૂર (૯) નળદેવ (૧૨) કરેડા (૧૬) પાટણ (૧૭) અશોકવૃક્ષ (૧૮) જયણા (૧૯) વારાણસી (૨૧) કપાળ (૨૪) ચાર (૨૫) પાલ (૨૬) પોથી (૨૭) જખૌ (૨૮) યતિ.

# સાયલા પરિવાર
## ગામ- તેરા (કચ્છ)

જય જીરાવલ્લા પાર્શ્વનાથ  જય શામળીયા પાર્શ્વનાથ

તારીખઃ ૦૩-જાન્યુઆરી-૨૦૨૪

પ્રિય શ્રી કે. ડી. ઓ. જૈન મહાજન તેરા અને TKLD જૈન યુવક સંઘ મુંબઈ.

પ્રણામ.

અમે કચ્છ-તેરા ગામમાં દ્વિ શતાબ્દી મહોત્સવના આયોજનમાં દરેકના અસાધારણ પ્રયાસો બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે લખી રહ્યા છીએ.

મહોત્સવ કાર્યક્રમનું ઝીણવટભર્યું આયોજન અને ત્રુટિરહિત અમલીકરણ ખરેખર પ્રશંસનીય હતું. રથયાત્રા, ધ્વજા, અઢાર અભિષેક તથા અન્ય પૂજનો, સાંસ્કૃતિક કાર્યક્રમો, કુમારપાળ રાજાની મહા આરતી અને ક્રિકેટ ટુર્નામેન્ટ ઉત્કૃષ્ટ રહી હતી. મહોત્સવના દરેક પાસામાં દરેક વ્યક્તિનું સમર્પણ અને સખત મહેનત સ્પષ્ટ હતી, જે સાયલા પરિવારમાં દરેક માટે યાદગાર અનુભવ બની હતી.

પ્રસ્તુત કાર્યક્રમોની શ્રેણી માત્ર વૈવિધ્યસભર જ નહીં પરંતુ ઉત્કૃષ્ટ ગુણવત્તાની પણ હતી. દરેક દિવસ નવા અને ઉત્કૃષ્ટ પ્રદર્શનના હતા, જેણે અમારી ભાવ વૃદ્ધિ કરી હતી. તમે અને તમારી ટીમ દ્વારા મેનેજમેન્ટ અને સંકલન ખરેખર પ્રશંસનીય હતું.

અમે તમામ ટ્રસ્ટીઓ, સમિતિના સભ્યો અને સ્વયંસેવકોને પણ અભિનંદન આપવા માંગીએ છીએ, જેમણે મહોત્સવ કાર્યક્રમની સફળતાને સુનિશ્ચિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમનો સહકાર અને ઉત્સાહ સ્પર્શજન્ય હતો, જેના કારણે સમગ્ર મહોત્સવ દરમિયાન હકારાત્મક વાતાવરણ સર્જાયું હતું. ભવ્ય મહોત્સવના આયોજનમાં દરેક ટ્રસ્ટીએ જે ઉત્કૃષ્ટ પ્રયાસો અને સમર્પણ દર્શાવ્યું છે તે બદલ અમારી નિષ્ઠાપૂર્વક પ્રશંસા અને કૃતજ્ઞતા. નાણાકીય આયોજન, વ્યાપક નેટવર્કિંગ, મૂલ્યવાન ભાગીદારી અને સહયોગ, સર્જનાત્મકતા અને વ્યૂહાત્મક વિચારસરણી, લોજિસ્ટિક્સનું એકીકૃત સંકલન, રહેઠાણ, સ્વાદિષ્ટ ભોજન, સ્વયંસેવકોની નોંધણી, કાર્યક્રમનું આયોજન, સમુદાય જોડાણ, મીડિયા અને કટોકટી વ્યવસ્થાપન, પ્રતિસાદ અને સુધારણા ખૂબજ પ્રશંસનીય હતા.

અમારા સમગ્ર પરિવાર માટે અદ્‌ભૂત સમય હતો, દરેક ક્ષણ અને કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. અમને આપવામાં આવેલી આતિથ્યની હૂંફથી અમને સાચા અર્થમાં આવકાર મળ્યો અને અમે પ્રિય યાદો સાથે વિદાય લીધી.

ફરી એકવાર, શ્રી તેરા મહાજન અને TKLD જૈન યુવક સંઘ મુંબઈના દરેકને આમંત્રણ આપવા બદલ અને આવા ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવા બદલ આભાર. તમારા પ્રયત્નોએ નિઃશંકપણે હાજરી આપનાર દરેકના હૃદય પર અમીટ છાપ છોડી દીધી છે. ભવ્ય મહોત્સવને સફળ બનાવવા માટે અતૂટ સમર્પણ, જુસ્સો અને સખત મહેનત કરવા બદલ અમે દરેક ટ્રસ્ટીનો  હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. તમારા સામૂહિક પ્રયાસોએ માત્ર આપણા સમુદાયને જ સમૃદ્ધ બનાવ્યો નથી પરંતુ ભવિષ્યના પ્રયાસો માટે પણ એક ઉચ્ચ ધોરણ સ્થાપિત કર્યું છે. અમે મોટી અપેક્ષા સાથે ભવિષ્યના આયોજનની રાહ જોઈ રહ્યા છીએ.

તમે તમારા બધા પ્રયત્નોમાં સતત સફળતા પ્રાપ્ત કરો એવી શુભેચ્છા.

હૃદયપૂર્વક આભાર સાથે,

**લી. સમસ્ત સાયલા પરિવાર, અને સાયલા પરિવારની તમામ પુત્રીઓ તથા જમાઈ.**

Advt.

# ''વડીલોનો વિસામો,,

## શ્રી માનવજયોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈની પ્રેરણાથી માનવજયોત સંસ્થા ભુજ સંચાલિત ભુજ થી ૭ કિ.મી. નાં અંતરે પાલારા-કચ્છ મધ્યે નિર્માણ પામી રહેલ છે.

## શ્રી એમ.એલ.ભક્તા ''વડીલોનો વિસામો,, નું બાંધકામ ચાલુ છે.

**સંસ્થાની જરૂરિયાત પૂરી કરવા તથા ખૂટતી કડી પૂરી કરવા દાતાશ્રીઓને લાભ લેવા વિનંતી છે.**




આજનાં ઝડપી યુગમાં પરિવાર કયાંક ખોવાઇ ગયો છે. પરિવારની આવક લાખો-કરોડોની હોવા છતાં ઘરમાં શાંતિ નથી. પારિવારિક આંતરિક ઝઘડા કલેશ-કપટથી આજનો માનવી-હેરાન પરેશાન છે. ખૂબ જ મોટા બંગલા-ફ્લેટ-વૈભવીકાર તથા દરેક જાતનું સુખ હોવા છતાં માનવી ટેન્શનમાં જીવે છે. કોણ કોને સમજાવે ?

હું મારી સંસ્થા માનવજયોત ભુજની વાત કરૂં તો દર અઠવાડિયે અમારી પાસે એક વૃદ્ધ એવો કપલ આવે કે આવીને અમને કહે અમને અહીં મારી નાખજો... મરવાની સલાહ આપજો પણ ઘરે પાછા જવાનું નાકહેતા. અમે ઘરેથી ત્રસ્ત થઇ કંટાળી તમારી પાસે આવ્યા છીએ. અમને આશ્રયની જરૂરત છે. આવી વાત વૃદ્ધ વડીલોનાં મુખે સાંભળતાં જ દિલ કંપી ઉઠે. અમારી મિલ્કત-મકાન-બધું ગયું. હવે અમે રોડ ઉપર આવી ગયા છીએ. અમારો હાથ ઝાલો... આવા ઉદ્‌ગાર જયારે વડીલોનાં મુખે સાંભળવા મળે ત્યારે એમનાં માટે કાંઇક કરી છુટવાની ભાવના મનમાં જાગે. એમનાં ઘર સુધી પહોંચી જઇ ... દીકરા, માતા પુત્ર, સાસુ-વહુ, જેઠાણી-દેરાણીનાં પારિવારિક ઝઘડા પતાવવા ખૂબ જ મહેનત કરી. કયાંક સફળતા પણ મળી. પણ એ સમજાવટ લાંબી ચાલી નહીં. ફરી એનું એજ.

કંટાળાયેલા અને ૭૦ ની વય વટાવી ચૂકેલા કેટલાક વડીલ-માતા-પિતા આશ્રય સ્થાન શોધે છે. કે... કયાંક જિંદગીનાં છેલ્લા દિવસો સુખ-ચેનથી શાંતિથી જીવી શકીએ. કયાંક પિતા-પુત્ર વચ્ચે હાથપાઇપણ જોવા મળી. આમ વૃદ્ધ વડીલોને દુ:ખ સહન કરતા પણ જોયા.

આવા વૃદ્ધ વડીલો માટે કાંઇક કરી છૂટવાની મનમાં ભાવનાં જાગી. ઘરથી તડછોડાયેલા આવા વૃદ્ધ વડીલોને તાત્કાલિક કયાંક આશરો મળી જાય તો એનાં મગજમાં ખોટા વિચારો ન આવે. આવા વૃદ્ધ વડીલો ખોટું પગલું ન ભરે. એમને રડતા જોઇ એમનાં મુખે વાતો સાંભળી અમોએ પણ બેચેની અનુભવી કે જેમણે જન્મ આપ્યો... મોટા કર્યા... પાળ્યા-પોષ્યા એમની જિંદગીનાં અંતિમ દિવસો દુ:ખ દર્દ ભર્યા કયારે પણ નહોવા જોઇએ. જેમણે બાળકમાંથી ઉછેરી આપણને મોટા કર્યા, પગભર કર્યા એમનાં માટે બધું કરી છૂટવું જોઇએ.

ભુજ નજીક અમારી સંસ્થા માનવજ્યોત દ્વારા માનસિક દિવ્યાંગો માટેનું શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છ શરૂ કરવામાં આવ્યું. ૭ વર્ષમાં શ્રેષ્ઠ કામગીરી થઇ. કચ્છમાં રસ્તે રઝળતા અને માર્ગોમાં પડ્યા પાથર્યા રહેતા ૧૬૧૦ આવા માનસિક દિવ્યાંગોને માનવજ્યોત સંસ્થાએ ગામ-શહેર- પરિવાર શોધી આપ્યા. પાંચ-દશ-પંદર-વીસ-પચ્ચીસ વર્ષ પછી તેઓ ઘરે પહોંચ્યા. પરિવારજનો સાથે ફેરમિલન થતાં પરિવારમાં ખુશી છવાઇ.

વૃદ્ધ વડીલોને કોઇપણ જાતની તકલીફ ન પડે એ માટે માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા ભુજ નજીક પાલારા-કચ્છ મધ્યે ''વડીલોનો વિસામો,, શરૂ થશે. જેનું બાંધકામ ચાલુ છે. ટુંક સમયમાં બાંધકામ પૂરૂ થઇ જશે. અને વડીલોનો વિસામો ખુલ્લું મુકવામાં આવશે.

ઘરથી તરછોડાયેલા વડીલોને તાત્કાલિક આશરો અપાશે એમનાં પુત્ર-વહુ કે પરિવારજનો સાથે સમાધાન કરાવી અપાશે. જયાં સુધી સમાધાન નથાય ત્યાં સુધી આશ્રમ સ્થળે તેઓની દરેક વ્યવસ્થાઓ સંસ્થા દ્વારા કરવામાં આવશે.

પરિવાર સાથે સમાધાન થતાં જ પુત્ર–વહુ વડીલોને આશ્રમ સ્થળેથી લઇ જઇ શકશે. પણ મુશ્કેલી–તકલીફમાં વૃદ્ધ વડીલો આશ્રમ સ્થળે રહેશે. પરિવારમાં સુખ–શાંતિની લહેર જોવા મળતાં જ મા–બાપ પાછા પરિવારમાં સેટ થઇ જશે. પણ એમને દુઃખી થવા નહીં દેવાય.

રહેવા–જમવા તથા સારવાર સાથે વૃદ્ધ વડીલોની અનેક પ્રકારે સેવાઓ કરવામાં આવશે. નાના બાળકની જેમ વૃદ્ધ વડીલોને પણ સાચવવામાં આવશે. એમની એમનાં પરિવાર સાથેની મુશ્કેલીઓ ઝઘડા દૂર કરવા સંસ્થા પૂરા પ્રયત્નો કરશે. જ્યાં જરૂર પડશે ત્યાં સંસ્થા પોલીસ અને કાયદાની પણ મદદ લેશે. વડીલોને પણ અહીં સુખી કરવાની ભાવના છે. વૃદ્ધ વડીલો માટે પાલારા–કચ્છ મધ્યે ‘‘વડીલોનો વિસામો,, આકાર પામી રહ્યું છે. જેનું બાંધકામ પૂરજોશમાં ચાલુ છે. માનવતાનાં આ કાર્યમાં દરેકે–દરેકનો સાથ–સહકાર–સહયોગ અત્યંત જરૂરી છે. દાતાશ્રીઓનાં નામ સુર્વણ અક્ષરે તકતી ઉપર અંકિત કરવામાં આવશે. માનવસેવા અને માનવતાનાં આ કાર્યમાં આપનો સહયોગ મળી રહેવા કરબદ્ધ પ્રાર્થના છે. ખૂટતી કડીઓ પૂરવા વિનંતી છે.

માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત માનસિક દિવ્યાંગો માટેનાં શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છની ભવ્ય સફળતા બાદ સંસ્થા દ્વારા બીજું ભગીરથ કાર્ય હાથ ધરાયું છે.  જે એકલા-અટુલા-નિરાધાર વડીલો માટેનું આશ્રય સ્થાન બની રહેશે.

કમ્પાઉન્ડ વોલ બાઉન્ડ્રીની દિવાલ, ભોજનખંડ, પ્રાર્થના હોલ, ગાર્ડન, રસોડું, સ્ટોર રૂમ, પાણીનાં ઓવર હેડ-અંદર ગ્રાઉન ટાંકા, ગેસ્ટ રૂમ, અન્નભંડાર, સ્ટોર રૂમ, લાયબ્રેરી, સંતકુટિર ઉપાશ્રય, ઓફિસ તથા વડીલો માટે રહેવાનાં રૂમો માટે દાતાશ્રીઓ આવકાર્ય છે. આ ભગીરથ કાર્ય માટે દાતાશ્રીઓ આગળ આવે તેવી વિનંતી છે.સંકુલનાં મુખ્યદાતાશ્રી ગેટ ઉપર કાયમી નામ, મુખ્ય હોલ, મેડીકલ રૂમ, પાણીની પરબ તથા ૧૦ રૂમોનાં દાતાશ્રી મળી ચૂકયા છે. ‘‘વડીલોનો વિસામો,, નું બાંધકામ પૂરજોશમાં ચાલુ છે.

દાતાશ્રીઓને આ નિર્માણકાર્યમાં સહભાગી થવા વિનંતી છે. દરેક રૂમો ઉપર દાતાશ્રીની ઇચ્છા અનુસાર સુવર્ણ અક્ષરે તકતી લગાડવામાં આવશે. આશ્રમને ભેટ આપેલ સાધનો ઉપર પણ દાતાશ્રીનાં નામ અંકિત કરવામાં આવશે.આપનાં સ્વજનોની પુણ્યસ્મૃતિમાં કાયમી યાદગીરી રૂપે ‘‘વડીલોનો વિસામો,, માં આપનું અનુદાન કાયમી બની રહેશે.


**ભુજમાં સંપર્ક :**

પ્રબોધ મુનવર (જૈન) મો. ૯૯૨૫૧ ૬૯૮૭૬
પૃથ્વીરાજસિંહ જાડેજા મો. ૯૮૨૫૩ ૯૪૩૭૨
અરવિંદભાઇ ઠક્કર મો. ૯૪૨૯૫ ૪૭૮૭૩
સહદેવસિંહ જાડેજા-કેરા મો. ૯૯૭૯૧ ૭૯૧૪૩
પરેશ માહેશ્વરી મો. ૯૮૨૫૦ ૫૭૨૧૩
આનંદ રાયસોની મો. ૯૮૨૫૦ ૧૮૯૮૨
દિપેશ શાહ મો. ૯૮૨૫૯ ૩૯૦૯૦
ગોવિંદભાઇ પાટીદાર મો. ૭૯૯૦૦ ૪૪૨૫૦
દિલીપ સાયલા મો. ૯૯૦૯૨ ૧૯૪૫૭
પંકજ કુરવા મો. ૯૭૧૨૨ ૯૦૫૧૫

**મુંબઇમાં સંપર્ક :**

શ્રી મહેન્દ્રભાઇ આર. સંગોઇ- પાર્લા-મુંબઇ
મુખ્ય દાતા : શ્રી રામદેવ સેવાશ્રમ-પાલારા-કચ્છ.
મો. : ૯૯૨૦૩ ૫૫૫૫૫
શ્રી સુંદરજીભાઇ એમ. શાહ - પ્રમુખ શ્રી,
માનવજ્યોત પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ - મુલુન્ડ મુંબઇ
મો. : ૯૮૨૦૧ ૫૬૮૩૬
કુલીનભાઇ સી. લુઠીયા (સી.એ.) મો. ૯૮૨૦૦૩૯૪૬૯
વલ્લભજીભાઇ ડી. શાહ (માનવમિત્ર)
મો. ૮૨૩૮૯ ૫૯૨૨૬ / ૭૭૩૮૫ ૯૧૫૫૪
શ્રી રમેશભાઇ આર. ઠક્કર- મુંબઇ મો. : ૯૮૨૦૧ ૨૮૯૨૭

MANAV JYOT
માનવ જ્યોત

મુખ્ય કાર્યાલયનું સરનામું : લોહાર ચોક, ભીડ ગેટ પાસે, ભુજ–કચ્છ.
સંપર્ક : (૦૨૮૩૨) ૨૨૪૦૦૦, મો. ૯૯૧૩૦૨૯૮૦૦
E-mail : manavjyotbhuj10@gmail.com • www.manavjyottrust.org


**સૌજન્ય : વિશનજી લાલજી શાહ – બોરીવલી (મુંબઇ )**

પ્રકાશ સમીક્ષા સમાચાર સંકલન

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## નાગપુર મહિલા મંચ



૭ ડિસેમ્બરના મહિલા મંચની ડબ્બા પાર્ટી-પિકનીક હતી. મંચની બધી બહેનો અલગ-અલગ વાનગી બનાવીને લાવી હતી. ગેમ રમ્યા જેમાં પ્રથમ પ્રાઈઝ અંજનાબેન પટેલ, બીજું પ્રાઈઝ મીનાબેન મૈશેરી. નાગપુર રેશમબાગમાં મેડીટેશનનો મોટો પ્રોગ્રામ થાય છે એની માહિતી આપવામાં આવી.

## તેરા જૈન દેરાસર દ્વિશતાબ્દી મહોત્સવ



તેરા સ્થિત શામળીયા પાર્શ્વનાથ દેરાસરના દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે આયોજીત રથયાત્રામાં માજી મુખ્યમંત્રીશ્રીઓ તથા અબડાસાના ધારાસભ્ય સહિત વિવિધ સમાજોના અગ્રણીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને શુભકામના પાઠવી હતી. તેરાના શામળીયા પાર્શ્વનાથ જીનાલયને ૨૦૦ વરસ તથા જીરાવલ્લા પાર્શ્વનાથ જીનાલયને ૧૬૫ વરસ પુર્ણ થવા નિમીત્તે ત્રીજા દિવસે યોજાયેલ રથયાત્રામાં કચ્છના પરંપરાગત બળદગાડા સહિત રથ તેરાના રાજમાર્ગો ઉપરથી પસાર થઈ નગરયાત્રા પરત દેરાસર સુધી નીકળી હતી. મહાનુભાવોએ પ.પુ.આ.ભ. કવીન્દ્રસાગરસુરીશ્વરજી મ.સા. આદિ ઠાણાના દર્શન સાથે આશિર્વાદ લીધા હતા.

## મોટી સિંધોડી લોડાયા પરિવાર

મોટી સિંધોડી ખાતે બિરાજમાન લોડાયા પરિવારના કુળદેવી શ્રી સચ્ચાઈ માતાને નમતા દરેક ભાવિકોને વિનંતી કરવામાં આવે છે કે આપના તથા આપના પરિવારજનોના નામ, સરનામા તથા મોબાઈલ નંબર નીચે આપેલ સંપર્ક સૂત્રો પાસે વેળાસર મોકલાવી આપો જેથી આગામી માતાજીના નવા ભુવા બનાવવા તથા અન્ય કાર્યક્રમો માટે આપનો સંપર્ક કરી શકાય.

શ્રી ચીમનભાઈ લોડાયા-૯૮૬૭૨૮૫૧૯૫, શ્રી ભરતકુમાર લોડાયા-૯૮૨૦૭૫૦૪૦૮, અ.સૌ. શોભાબેન લોડાયા-૮૪૫૦૯૦૩૩૫૫.

## કુ. દિશા દંડની ઉપરાષ્ટ્રપતિ સાથે મુલાકાત



૩૦મી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ દિશા મહિમા/મોહિત, (લલિતા-હીરાચંદ દંડ-તેરા (હુબલી)ની પૌત્રી અને મનોરમા તિલકચંદ લોડાયા-સાંયરા (ચેન્નઈ)ની દોહિત્રી)એ ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડના નિવાસસ્થાને મુલાકાત લીધી (ઉપરાષ્ટ્રપતિશ્રીની જમણી બાજુએ). ચિ. દિશા ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગરમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે.

## કચ્છ એકમ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભા

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન કચ્છ એકમ તથા સમુહલગ્ન ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય તા. ૧૦.૧૨.૨૦૨૩



રવિવારે અચલગચ્છ જૈન ઉપાશ્રય આદિપુર-કચ્છ મધ્યે સંસ્થાના અધ્યક્ષ શ્રી મહેશભાઈ લાલકાનાં અધ્યક્ષસ્થાને મળી હતી.સંસ્થાના મંત્રી શ્રી લહેરચંદ ખોનાએ સંસ્થાનો અહેવાલ રજુ કરેલ. શ્રી નિરંજનભાઈ લોડાયા તથા રાજેશ મૈશેરીએ હિસાબોની રજુઆતો કરેલ.

ચર્ચામાં ભાગ લેતા શ્રી અરવિંદ લોડાયા, પ્રબોધ મુનવર તથા સભ્યશ્રીઓએ સંસ્થાની પ્રવૃત્તિઓ વધુ વિસ્તરે તે માટે સૌના સાથ-સહકાર-સહયોગ સાથે એકમ ભવન ભુજ તથા સમુહલગ્ન અંગે પણ ચર્ચા-વિચારણાઓ કરવામાં આવેલ.

**બેડમીંટન સ્ટાર કશ્વી શાહ**



દલતુંગીના સાંગલી નિવાસી શિલ્પાબેન ભાવેશ રમેશભાઈ શાહ (શિયાલ)ની દિકરી કુ. કશ્વી ઓપન સ્ટેટ બેડમીંટન ચેમ્પિયનશીપ ટુર્નામેન્ટમાં રનર અપર રહી જ્ઞાતિના એક બેડમીંટન સ્ટાર તરીકે આગળ આવી છે.

**ભાંડુપ અનંત યુવા ગ્રુપ સીસીએસ કપ-૨૦૨૪**

સુજાપરના ભાંડુપ નિવાસી હંસકુમારભાઈ છેડા (છેડા કન્સલટન્સી સર્વિસ) પ્રાયોજિત સીસીએસ કપ-સીઝન-૩નું ફેબ્રુઆરી તા. ૧૭ અને ૧૮-૨૦૨૪ના દિને યોજાશે. ૩૬૦ ડિગ્રી અંડર આર્મ ફોરમેટ ટુર્નામેન્ટ માટે ૧૫૦ એન્ટ્રી લેવાનું આયોજન છે. ટુર્નામેન્ટના સહ આયોજક હેમંતભાઈ ડાઘા-એચ. પી. ડાઘા શીપીંગ એન્ડ લોજીસ્ટીક છે.

**શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈના નવા યુવા પ્રમુખ**

શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈના નવા યુવા પ્રમુખ વિપુલભાઈ ઠાકરશી પટેલ અને ઉપપ્રમુખ પદે વિરેન્દ્રભાઈ ભવાનજી લોડાયા (નલિયા)ની નિમણુંક કરવામાં આવી છે.

Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976 Follow us on

**સ્સરિતા ડાઘાને આઈઆઈડબ્લ્યુએ એવોર્ડ**

વરાડિયાના સાયન (શિવ) નિવાસી ગ્રાફોલોજિસ્ટ સ્સરિતા કેતન મહેન્દ્ર હંસરાજ ડાઘા આઈઆઈડબ્લ્યુએ એવોર્ડ માટે પસંદ કરાયા છે. નવી દિલ્હી ખાતે આ એવોર્ડ હાલમાં જ એનાયત થયો છે.

**શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન-મોટી સિંધોડી**

શ્રી નેમિનાથ નૂતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવનું લગભગ ૯૦% આમંત્રણ અપાઈ ગયા છે. હજી સુધી આપે આવવા માટે ફોર્મ ન ભર્યું હોત તો તરત જ ભરીને મોકલો જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

નિયાણી બહેનોના સરનામા હજી સુધી ન આપ્યા હોય તો મોકલી આપવા વિનંતી. જેથી તેમને આમંત્રણ મોકલી શકાય.

પ્રમુખ- અ.સૌ. હર્ષાબેન શાહ-૯૮૬૯૨ ૪૮૩૦૩
માનદ્‌મંત્રી- શ્રી હરીશ મોમાયા-૯૮૨૦૨ ૮૫૭૮૧,
શ્રી લહેરચંદ મૈશેરી-૯૮૩૩૧ ૫૬૦૬૬
મહો. કન્વીનર : શ્રી મુકેશ લોડાયા-૯૮૨૧૧ ૫૪૩૨૬

|| શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃ ||
કૃણાલ : ૭૨૨૧૦ ૭૨૧૦૭
ગાય અને ભેંસનું શુધ્ધ ઘી
સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશ્બુદાર
એક વાર ખાશો તો માંગશો વારંવાર
વિરમગામનાં પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુધ્ધ ઘી હવે મળશે મુંબઈમાં
તમારા ઘર આંગણે

એક કિલો
પાંચ કિલો અને
પંદર કિલોમાં ઉપલબ્ધ
ફ્રી
હોમ ડિલીવરી
હોલસેલ અને
રિટેલમાં ઉપલબ્ધ


એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : અશોક દામજી ડાઘા-વરાડિયા(કોઈમ્બતૂર) વેઘા ટેક્ષટાઈલ

## જીવન ચક્ર

# જન્મ - સગપણ - લગ્ન - મરણ નોંધ


સંપાદક : રમેશ પદમશી દંડ (શાહ) - ભરૂડિયા

મો. : 98197 93610 / E-mail : rpshah41@yahoo.com

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬.૧૨.૨૦૨૩ | ચેંબુર | પૂર્વ, પૂજા-વિનીત ખીરણ લોડાયા | કોઠારા | પુત્ર |

### જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧.૧૨.૨૦૨૩ | ડોંબિવલી | મિત મહેશ ચંદુલાલ લોડાયા | નાની ખાવડી | ૨૮ |
| | ડોંબિવલી | શ્વેતા દિનેશ શામજી માલદે | દલતુંગી | ૨૮ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૮.૧૦.૨૦૨૩ | કોઈમ્બતુર | ફાલ્ગુન રમેશ દામજી લોડાયા | નલીયા | ૩૧ |
| | બરેલી | દિપીકા કુલદીપસીંગ | ચનદૌસી(યુપી) | ૨૮ |
| ૨૪.૧૧.૨૦૨૩ | કોઈમ્બતુર | પ્રવિણ નારાયનન એસ. | કોઈમ્બતુર | ૩૫ |
| | કોઈમ્બતુર | કિંજલ રમેશ દામજી લોડાયા | નલીયા | ૩૫ |
| ૨૫.૧૨.૨૦૨૩ | ડોંબિવલી | મયુર અભય શિવજી લોડાયા | આરીખાણા | ૨૮ |
| | વિક્રોલી | નિકિતા નંદકુમાર રામચંદ્ર યેલકરર | મહડ | ૨૮ |
| ૦૧.૦૧.૨૦૨૪ | દીગ્રસ | તેજસ રાજેશ લોડાયા | સુથરી | ૨૮ |
| | નાગપુર | તૃપ્તી દેવીદાસ કોકૂડે | નાગપુર | ૨૭ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬.૧૨.૨૦૨૩ | બેંગ્લોર | વિજ્જલ કિશોર લોડાયા | સાંયરા | ૫૩ |
| ૧૮.૧૨.૨૦૨૩ | નાંદેડ | હિંમતલાલ લીલાધર લાપસીયા | દલતુંગી | ૫૮ |
| ૨૧.૧૨.૨૦૨૩ | હૈદ્રાબાદ | મનરમાબેન જીવરાજ દંડ | પરજાઉ | ૮૦ |
| ૨૨.૧૨.૨૦૨૩ | મુલુંડ | શાંતિલાલ ખીમજી નાગડા | નલિયા | ૭૯ |
| ૨૨.૧૨.૨૦૨૩ | ભુજોડી | મેનાબેન ત્રીકમજી મોમાયા | વરાડીયા | ૮૫ |
| ૨૨.૧૨.૨૦૨૩ | થાણા | ભરત મણીલાલ લોડાયા | નલીયા | ૭૦ |
| ૨૩.૧૨.૨૦૨૩ | ડોંબિવલી | કાંતિલાલ રતનશી શિયાલ | જખૌ | ૭૨ |
| ૨૩.૧૨.૨૦૨૩ | ઘાટકોપર | કુંવરજી મુલજી મોતા | તેરા | ૭૯ |
| ૨૪.૧૨.૨૦૨૩ | દેઢીયા | દેવકુંવરબેન જેઠાલાલ લોડાયા | તેરા | ૮૦ |
| ૨૪.૧૨.૨૦૨૩ | વાપી | ચંદ્રસેન રતનશી મુનવર | જખૌ | ૭૭ |
| ૨૪.૧૨.૨૦૨૩ | કોલકત્તા | ગુલાબચંદ માણેકજી ખોના | જખૌ | ૭૫ |
| ૨૫.૧૨.૨૦૨૩ | ડોંબિવલી | વિજ્યાલક્ષ્મી પ્રવીણચંદ્ર ખોના | રંગપુર | ૮૨ |
| ૨૫.૧૨.૨૦૨૩ | મુલુંડ | દમયંતી મુલજી મૈશેરી | જખૌ | ૮૧ |
| ૨૬.૧૨.૨૦૨૩ | બોરીવલી | રાયચંદ ધારસી શિયાલ | દલતુંગી | ૯૦ |
| ૨૬.૧૨.૨૦૨૩ | ખામગામ | કુસુમબેન ચાંપસી રતનશી નાગડા | તેરા | ૮૯ |
| ૨૭.૧૨.૨૦૨૩ | અંધેરી | લીલમબેન દેવજી ખોના (પાલાણી) | કોઠારા | ૮૩ |

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : જયેશ દામજી નથુભાઈ દંડ - મંજલ રેલડીયા (મુલુંડ)**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૧૨.૨૦૨૩ | બોરીવલી | નીકેન્દ્ર વીરચંદ ખોના | ધ્રાફા | ૬૩ |
| ૨૯.૧૨.૨૦૨૩ | દેવલાલી | કસ્તુરચંદ વેલજી લોડાયા | સાંયરા | ૮૭ |
| ૩૦.૧૨.૨૦૨૩ | ભાંડુપ | ભાગ્યવંતી ભાગ્યચંદ નાગડા | નલીયા | ૮૩ |
| ૩૧.૧૨.૨૦૨૩ | મુલુંડ | ધનલક્ષ્મીબેન જીવરાજ ગણાત્રા<br>(બાંડીયા–મુલુંડના ભારતીબેન નરેન્દ્ર પદમસી મૈશેરીના માતુશ્રી) | કુંભારીયા | ૮૫ |

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**Shri Mulchand Shamji Shah (Dharamshi) (PS-5219)**
Tanishq, Block No. ARA 1, Plot No 55,
South Zone, Near Bhujodi,
Vardhaman Nagar, Kutch, GJ - 370 020.
M. : 92275 95285.

**Shri Himatlal Visanji Khona (PS-769)**
D-901, One Earth, Ghatkopar Avenue,
MICL - Naidu Colony,
Ghatkopar (East), MH - 400 075.
M. : 98210 32540.

**Shri Mulchand Narshi Lodaya (PS-3660)**
4, Sai Shanti Co-Op Society,
Kopar Cross Road,
Near Santoshi Mata Mandir,
Dombivli (West), MH - 421 202.
M. : 98208 42427.

**Shri Harish Damji Khona (PS-4232)**
Post Box No 71, Ward 7B, Plot 140,
Tenement No. 2, Sindhu Baugh Road,
Gandhidham, Kutch, GJ - 370 201.
M. : 94262 15051.

**Shri Khushalchand Valji Lodaya (PS-5366)**
3-4-376/13/A/1, 2nd Floor,
Krishna Kumar Singh Building,
Basant Nagar Colony, Kachiguda,
Hyderabad Telangana - 500 027.
M. : 90000 06323.

**Smt Vimlabai Navinchandra Lodaya (PS-929)**
002, Shiv Sai Apartment, M.G.Road,
Behind Zest Business Space,
Ghatkopar (East), MH - 400 077.
M. : 81089 49562.

**Shri Manojkumar Velji Lodaya (PS-7451)**
Bldg. No. 5, Flat No. 101, ASPEN,
Regency Anantam, Vicco Naka,
Dombivali (East), MH - 421 203.
M. : 98674 65591, 90042 70986.

**Shri Aashish Mukesh Jain(Nagda) (PS-7452)**
B-302, Sunflower CHS, AND Complex,
Agasan Village, Near Agasan Railway Phatak,
Diva (East), MH - 400 612.
M. : 81035 32335.

**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા

**શાંતિભાઈ એટલે જ સાડીઓના માસ્ટર માઈન્ડ**
નિષ્ણાંત નજર, સાડી અને વર્કની પરખ, વર્ષોનો અનુભવ એટલે જ સાડી પારસી વર્ક, હોય કે જીક કસબ કે પીટા વર્ક કે બટ કસબ. હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓનો રેડી સ્ટોક. વળી ઓર્ડરથી તો બનશે જ અને અલ્ટર પણ કરી આપવામાં આવશે. સાચી જરીની સાડીઓ વેચી આપવામાં આવશે. અમારી બીજી કોઈ શાખા નથી
**સોનલ આર્ટ** (થાણા) Mob.: 99678 41792
'શિવમ', ડી–૨૦૧/૨૦૨, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા–૪૦૦ ૬૦૪.

**નમ્ર નિવેદન**

જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ–મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો.

**એક પાનાના વાર્ષિક શુભચિંતક દાતા : એક સદ્‌ગૃહસ્થ જ્ઞાતિજન**

BEING JAIN

# Samadhi's Seed Mantra – Logassa Sutra

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



Logassa Sutra is generally thought of as a Jain hymn but more than that it is an immortal, supernatural, mysterious and unique creation of Jain devotional literature. Its merit is unimaginable. The wise have called it Jyoti Sutra. This is the seed mantra of Samadhi. It is a storehouse of supernatural accomplishments. It is also a divine exercitation, a self-study, a eulogy, a meditation technique, a mantra and a worship. Logassa Sutra, which is believed to have been in existence ever since our Jain Dharma was established by the Tirthankars of the current time cycle, has many powerful mantras hidden within itself.

Just as a mirror, when polished, becomes radiant by reflecting the rays of the sun, similarly, through meditation and remembrance of the Tirthankars (Jain godhead incarnated) and Siddhas (Jain godhead uncarnated) igniting the supreme divine light within the soul, one himself becomes a treasury of exceptional brilliance. Just as the sun's rays become the means to illuminate a mirror, similarly, contemplation, meditation, and praise of Tirthankars and Siddhas is a means to illuminate the mind to reflect the 'self and all-illumining' nature of the soul.

Spiritual growth, a desire for global welfare and the search and attainment of immortality have been the objectives of the creation of this work. It is praiseworthy to meditate on this Logassa Mahamantra composed in praise of the twenty-four Tirthankaras of the current time -cycle and all the Siddhas and to move forward on the path of self-realization.

This verse, also alternately known as the 'Utkirtan Sutra' or the 'Chaturvinshatistava' appears in the 'Avashyak Sutra', one of our four fundamental canonical texts (Mool Sutras). The 'Avashyak Sutra', prescribes six obligatory duties (Aavashyakas) for the monks and nuns to observe but which have also been recommended to the lay Jain followers. As such it is an essential component of Jain practice and a means of glorifying (a) the twenty four Tirthankars and (b) the Siddhas by both :

*chanting the names of Tirthankars (Naam Sankirtan)in stanzas 2,3,4 and

* glorifying their virtues (Gun Sankirtan) in stanzas 1,5 for example,

- Enlightening, the universe, by their knowledge implied by the words 'Logassa Ujjoagare'
- Establishing the four-fold religious order implied by the words 'Dhamma-tithayare'
- Conquering all karmas implied by the word 'Jine' and
- Attaining omniscience implied by the word 'kevali',
- Devoid of dust of karma and filth of spiritual flaws implied by the words 'vihuya raya malaa' as also of

* glorifying the virtues (Gun Sankirtan) of Siddhas in stanzas 6 and 7. for example

- Of greatest excellence in the universe implied by 'logassa uttamaa',
- Purer than the moon implied by the words, 'chandesu nimmalayaraa',
- Of greater brilliance than the suns implied by the words 'aichessu ahiyam payasaraa' and
- More serene than the deepest ocean implied by the words 'sagarvar gambhiraa'.

And finally it is a worshipper's prayer to be blessed with perfect spiritual wellbeing, perfect wisdom and perfect self-absorption.


Logassa, has an amazing ability to destroy all fears, obstacles, afflictions, diseases, sorrows, suffering, poverty, and the ultimate adversities, fulfilling all desires. Its benefits are countless; development of spiritual powers alongside the pacification of the malinfluance of celestial bodies, resolution of familial discord, physical, mental, and emotional well-being and the greatest of all- the strengthening of one's right vision or faith (samyaktva). Logassa is looked upon as the foundation of peace, power, wealth, and intellect and self-realisation.

1. Logassa is the divine light that reveals the treasure trove hidden within the soul. It's the grand mantra that transforms the spiritual into the supernatural.
2. Logassa acts as the destroyer of worldly ailments and the healer, nurturer of a pious soul.
3. Logassa is the gateway to the land of liberation, the divine power that magnifies the valor of the soul.

Little wonder then, that it is revered as a supreme powerhouse in the form of a grand mantra.

Over View

# THE LOST CURRENCY NOTES



**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646

It might have happened in your life. It also happened in my life.

As a student, I lost my wallet containing 5 notes of Rs.10/- each, while going on a cycle to my high school in the year 1962. After lot of efforts, concluded that the amount was lost for ever. It was big money and was upset.

Lost notes created numerous of emotions. Became angry on self for being careless. Blamed the potholes on the road because of them I had a bumpy ride and the wallet fell down.

However, Daddy consoled and

asked me to think that you have given a donation of this amount or feeded poor children or we all went for a picnic and had good times etc. Think positively that luckily you didn't fell down. Only the wallet fell down.

He further added that you have learnt an valuable lesson of life so cheaply and hereafter you will never lose money in future.

The lessons derived from losing precious items like currency etc. extend far beyond the initial inconvenience. As I grew I realised that they serve as catalysts for personal development, emphasizing the importance of mindfulness, organizational skills, and the deliberate prioritization of belongings. Rather than viewing such losses solely as setbacks, we can harness these experiences to foster growth and resilience in the face of life's inevitable challenges.

In the rush of daily life, it's easy to become absent-minded and neglect the careful attention required for our belongings. The heightened mindfulness serves as a protective measure against future losses. Amidst the frustration, there lies a valuable opportunity for personal growth and self-reflection.

Even a simple event when viewed with heightened awareness can unfold new learnings. There is something in everything and there is everything in something.

If your elderly parents leave their body, you are bound to rue over the fact that you had not done enough during their lifetime to make them happy. Love Lost.

So also, if you had lost your temper with your staff member for a silly thing and hurt his self-respect, which made him to leave the organisation. Lost Goodwill.

If you had not fulfilled for whatsoever reason, a small wish of your children when they desired something, the disappointment felt by you later is Lost Affection.

Many times we react to a situation and lose a wonderful opportunity to make people happy and earn their blessings. Like the currency notes lost, the golden moments having slipped by, it leaves you guilt ridden with a heavy heart. Lost Relationships.

The same analogy applies to our precious life too. With the ticking of the clock, our time on the Earth is also shrinking. As the days go by, our worldly attachments and possessions will get lost. Like the lost currency notes, we will realize that time has got lost without our knowledge. One day we find we have Lost our holdings, time, energy and health during our Journey of Life and the Body we have been so indulgent with gets lost and destroyed.

We also realise that gaining property and wealth or earning name and fame was akin to a baldman collecting combs and, like the lost currency notes, we have 'lost' the best part of our lives wallowing in worldly affairs and mundane things. We cannot tolerate the guilt, self' condemnation and regret that will overcome us if we failed to utilise our lives properly.

Nothing is written in stone.

The shortcomings can be made good through subsequent amendments. Instead of spending your life in the wasteland of retribution or revenge, it is better to realize consequences of the lost time and engage in noble deeds. This way, our form can harmoniously merge with the Formless Truth. The feel of His presence is the reward we will get for all our virtuousness.

Thanks to the lost notes, I could find Myself.

**मुट्ठी बांधे जनम लिया,**
**हाथ पसारे जाना है ।**
**इस धरा का, इस धरा पर,**
**सब धरा रह जाना है ।**
**कर भला, होगा भला,**
**प्रभु के द्वार पे यही जाना है ।**

# Loneliness - A public health crisis

**Alpa Dharamshi** (Multilingual Counsellor) - **M.: 9945365319**
Pehechaan - A Mission To Help Identify Yourself.



"The greatest thing in the world is to know how to belong to oneself." —Michel de Montaigne

Nowadays, loneliness is considered to be one of the most serious public-health problems. That is why it has recently become an important study topic for many students and scientists. This loneliness write up examples offers readers an insight into understanding what loneliness is and how exactly our society can overcome it.

**How To Understand And Overcome The Feeling Of Loneliness**

We are living through an epidemic of loneliness. What is more, there is evidence to suggest a significant correlation between low socioeconomic status and social isolation. It is probable that loneliness will be an increasing problem for individuals of any age group because of the philosophy that underlies today`s materialistic society. We should clearly understand that anybody can endure episodes of loneliness during their life. However, it can be unhealthy and detrimental to the person involved.

**An Epidemic of Loneliness**

Loneliness is an individual`s subjective sense of lacking desired affection, closeness, and social interaction with others. Loneliness causes people to feel alone, empty, and unwanted. The most interesting thing is that some people are socially isolated and they are not lonely. By contrast, some people are lonely even if they have a lot of social contacts. Jenova Chen, a Chinese video game designer, once said that 'the loneliness is definitely part of the journey of life'.

Loneliness can be very dangerous. It can increase the risk of death by at least 30%. It leaves us more vulnerable to cancer, ravages our immune system, lowers our pain threshold, and affects our heart health. There is often an emphasis on isolation in older people, but surveys suggest that this issue is even more prevalent among young people. Children and young adults can find it more difficult to understand their feelings and access appropriate support thus increase the chances of them becoming isolated.

We are living through an epidemic of loneliness. What is more, there is evidence to suggest a significant correlation between low socioeconomic status and social isolation. It is probable that loneliness will be an increasing problem for individuals of any age group because of the philosophy that underlies today`s materialistic society. We should clearly understand that anybody can endure episodes of loneliness during their life. However, it can be unhealthy and detrimental to the person involved.

Loneliness is the fear of being alone, more than the act of being alone. It is the feeling that there is something missing. It is the chasm between our expectations of life and reality. You could be lonely because you are catching up with people who do not lift you up and make your life lighter. It is also an interesting fact that lonely people tend to rate their own social interactions more negatively and form worse impressions of people they meet.

Loneliness can definitely be overcome. Making contact with people can be a useful first step in helping you feel less alone. It is very important to make links with people with shared experiences, values or interests. You can also take advantage of a peer support group where you can share your feelings and experiences with people who have gone through similar things.

You should always do something about your emotional state in case you:

Think your problems are so unique that other people do not understand; Feel extremely self-conscious in everything you do; Experience low self-esteem; Refuse to accept change and do not want to try anything new.

It is essential to learn to spend time alone. You shouldn`t view it as a fate worse than death. It is always a good idea to be alone from time to time to remove yourself from the distractions and energy of other people. Time alone in beautiful but so is time spent with others. The most important thing to remember is that you needn`t tackle loneliness on your own.

U M KHONA AND COMPANY
CLEARING | FORWARDING | LOGISTICS

AEO
भारतीय सीमा शुल्क
INDIAN CUSTOMS

COMMITMENT TO EXCELLENCE



OUR PRESENCE AT:

- MUMBAI
- JNPT
- HAZIRA
- KOLKATA
- HALDIA
- CHENNAI
- KANDLA
- MUNDRA
- PIPAVAV

U M KHONA AND COMPANY
1011, Universal Majestic,
Behind RBK International Academy,
Off Ghatkopar – Mankhurd Link Road,
Chembur, Mumbai 400 088.

Email : harsh.lapsia@umkhona.com
Tel : +91 22 6155 9999 / +91 98190 30311
Fax : +91 22 6155 9955

jayant.lapsia@gmail.com
Tel.: 6155 9901

www.umkhona.com

CB: 11/189

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથાય નમઃ શ્રી ગોડિયા પાર્શ્વનાથાય નમઃ શ્રી શાંતિનાથાય નમઃ

# આગોતરું આમંત્રણ

રાપર ગઢવાળી-કચ્છની ધર્મધરા પર

શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ નૂતન જિનાલય

'શ્રી પાર્શ્વ-શાન્તિ પ્રાસાદ'

## પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવ

**દિવ્યકૃપા**

શાસનસમ્રાટ, ભારત દિવાકર, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ.શ્રી.ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

**દિવ્યાશિષ**

તપચક્રચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ.શ્રી. ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા**

**ભવનિસ્તારક નિશ્રા**

સાહિત્ય દિવાકર, રાજસ્થાન દીપક,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.
**શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

કચ્છ-વાગડદેશોદ્ધારક શ્રી જીતવિજયજી મહારાજાના
વંશદીપક, દીક્ષાધર્મના મહાનાયક પ.પૂ.આ.ભ.
**શ્રીમદ્ વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજા**

આદિ વિશાળ શ્રમણ-શ્રમણીવૃંદ

**...મહોત્સવ પળ... વિ.સં. ૨૦૮૦, તા. ૨૨-૦૨-૨૦૨૪ થી ૨૫-૦૨-૨૦૨૪**
**...મહોત્સવ સ્થળ... રાપર ગઢવાળી, મુ.પો. અબડાસા, કચ્છ.**

**...નિમંત્રક...**

શ્રી પાર્શ્વનાથજી જૈન દેરાસરજી અન ક.દ.ઓ. મહાજન ટ્રસ્ટ
શ્રી રાપર ગઢવાળી - નાની સિંઘોડી જૈન સંઘ
શ્રી ગોડિયાજી પાર્શ્વનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ સમિતિ વતી

**...લાભાર્થી પરિવાર...**

માતુશ્રી તારાબાઇ માણેકજી કેશવજી મોતા પરિવાર

સંપર્ક : અંકિત વોરા - મો. ૯૯૩૦૫ ૨૯૯૯૦, મીત ફોફાની - ૯૯૨૦૦ ૭૨૧૨૬



CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

જ્ઞાન — દર્શન

॥ શ્રી ચકેશ્વરાયૈ નમઃ ॥ ॥ શ્રી આદિ મહાવીર ભ્યામ નમઃ ॥ ॥ શ્રી મહાકાલીકાયૈ નમઃ ॥

શ્રી આર્ય • જય • કલ્યાણ • ગૌતમ • દાન • નેત્ર • ગુણ • ગુણોદય • કલાપ્રભ • કવિન્દ્ર • વીર ભદ્ર • મહોદય

# બાયઠ નગરે શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૭૩ મી સાલગીરા નિમિત્તે
# ત્રિ-દિવસીય પરમાત્મ ભકિત મહોત્સવ
# ગં. સ્વ. વિજયાબેન લાલજી ડુંગરશી ગોશર ના જીવિત મહોત્સવ નિમિત્તે
# સપ્રેમ આમંત્રણ

દેવગુરૂ, ભકિતવંત સાધર્મિક બંધુ-ભગીનીઓ,

સાદર પ્રણામ,

અનંત ઉપકારી પરમાત્મા દેવાધિદેવ, જગત વત્સલ પ્રભુની અસીમ કૃપાથી સંસારવાસની આધિ-વ્યાધિ-ઉપાધિ છતાં મહત્તર કૃપાએ એક શુભ ભાવના સુકૃત થઈ કે હવે નિવૃત્ત જીવન કચ્છ માદરે વતનમાં વ્યતિત કરવાના ભાવ સાથે આવી રહેલ શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૭૩ મી સાલગીરાએ શ્રાવક કરણીરૂપ જિનાલય ધ્વજારોહણ કરવાના મનોરથ સહ કુટુંબ મેળો કરી પ્રભુ ભકિતના મનોરથો સફળ થઈ રહ્યા છે. ત્યારે બાયઠ ગામે શ્રી સકળ જૈન સંઘ તથા જૈન નિયાણી બહેનો તથા પરિવારજનોને આ પાવન પ્રસંગે પધારવા અંતરનાય અંતરથી આમંત્રણ આપીએ છીએ. આ પ્રસંગે અચલગચ્છાધિપતીને આચાર્યદેવ કલાપ્રભસાગર સુ. મ.સા. ના આજ્ઞાવર્તી પ.પૂ. સંયમબધ્ધ, પ્રખરવકતા સુરેન્દ્રશ્રીજી મ.સા. ના શિષ્યા પ.પૂ.સ્વા. વૈયાવચ્છ ભકિત પ્રેમી, અપ્રમર્ત જ્યોતિ કળાશ્રીજી મ.સા. તથા અમારા પરિવારના સુપુત્રી એવા પ.પૂ. નરેન્દ્ર-અરૂણ-ધૈર્ય-યશ બાગના પ.પૂ. ગુણમાલાશ્રી મ.સા. ના શિષ્યા પ.પૂ. હિત પ્રજ્ઞાશ્રીજી મ.સા., પૂ. ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. ની સલૂણી નિશ્રા પ્રાપ્ત થયે અત્યંત હર્ષની લાગણી અનુભવીએ છીએ.

## ત્રિ-દિવસીય પરમાત્મ ભકિત મહોત્સવ કાર્યક્રમ

| | | |
|---|---|---|
| ગુરૂવાર, તા. ૧૫-૦૨-૨૦૨૪<br>મહાસુદ ૭ | બપોરના ૨.૩૦ કલાકે<br>સાંજે | શ્રી ચકેશ્વરી મહાકાળી, માતાજીની ભકિત ભાવના<br>જિનાલયે સંધ્યા ભકિત રહેશે. |
| શુક્રવાર, તા. ૧૬-૦૨-૨૦૨૪<br>મહાસુદ ૮ | સવારના ૯.૩૦ કલાકે<br>બપોરે ૧૨.૩૯ કલાકે<br>સાંજે | જિનવાણી શ્રવણ<br>શ્રી સિધ્ધીદાયક સિધ્ધચક્ર મહાપૂજન<br>સંધ્યા ભકિત, રાત્રિ ભાવના |
| શનિવાર, તા. ૧૭-૦૨-૨૦૨૪<br>મહાસુદ ૯ | સવારના ૯.૩૦ કલાકે<br>સવારના ૧૧.૦૦ કલાકે<br>બપોરે ૪.૦૦ કલાકે<br>સાંજે | જિનવાણી શ્રવણ<br>શુધ્ધિકારક અઢાર અભિષેક વિધાન<br>પુણ્ય – પાપની ક્રિકેટ ગેમ<br>સંધ્યા ભકિત, રાત્રિ ભાવના |
| રવિવાર, તા. ૧૮-૦૨-૨૦૨૪<br>મહાસુદ ૧૦ | સવારના ૮.૩૦ કલાકે<br><br>સવારના ૦૯.૧૫ કલાકે<br>સવારના, ૧૧.૦૦ કલાકે | જિનાલય વર્ષગાંઠ, ઘરેથી ધ્વજારોહણ માટે<br>વરઘોડા સ્વરૂપ પ્રયાણ<br>સત્તર ભેદી પૂજા. શુભ મુહર્તે ધ્વજારોહણ<br>શ્રી બાયઠ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ તરફથી<br>માતુશ્રી વિજયાબેન લાલજી ડુંગરશી ગોશરનું<br>બહુમાન થશે. |

ત્રણેય દિવસ પરમાત્માની નયનરમ્ય અંગરચના થશે. આપશ્રી સૌ આ પ્રસંગે પધારી શાસન શોભામાં અભિવૃધ્ધિ કરશોજી. આપનું આગમન, અમારી પ્રતિક્ષા. કરશું ભકિત આચમન કર્મ બોજથી તિતર બિતરતા.

| | | |
|---|---|---|
| વિધિકાર<br>શ્રી નિખિલભાઈ હરીયા | સંગીતકાર<br>શ્રી કિશોરભાઈ સંઘાર | એજ લી. શ્રી બાયઠ જૈન સંઘ તથા<br>માતુશ્રી લક્ષ્મીબેન ડુંગરશી મેઘરાજ ગોશર<br>સમસ્ત પરિવાના જય જિનેદ્ર... |

તપ — ચારિત્ર

RITESH GOSHER : 98690 40753

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

To,

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**